| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | ૦૭ | | |
| દાખલ તારીખ | : | ૧૬ | ૦૫ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૬ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | ૦૦ | ૦૦ | ૨૧ |

# મે.ના.શ્રી. પાચમાં અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ગાંધીનગર.

**ફોજદારી પરચુરણ અરજી નંબર –૭૬૬/૨૦૨૬**

---

**અરજદાર :** **મોઈન સ/ઓ રૂકનોદીન મલેક**
ઉ.વ.:૨૫, ધંધો: મજુરી,
રહે: ખારા કુવા, પેટલાદ, જિ.ગાંધીનગર.
(હાલ રહે: સેન્ટ્રલ જેલ,સાબરમતી અમદાવાદ)

**વિરૂદ્ધ**

**સામાવાળા** : (૧) શ્રી સરકાર

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી. એસ.આર.શેખ |
| સામાવાળા તરફે | : | વિ.એ.પી.પી.શ્રી. આર.એલ.પટેલ |

---

## –:: હુકમ ::–

**(૧)** હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ પ્રમાણે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે રજુ કરવામાં આવી છે. અરજદારની સામે સી.આઇ.ડી.સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૩૨/૨૦૨૬, બી. એન. એસ.ની કલમ–૩૧૭ (૪),૩૧૮(૪),૬૧(૨) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટની કલમ–૬૬(ડી) મુજબનો ગુનો નોંધાયેલો છે.

(૨) <u>બનાવની ટુંકમાં વિગત</u>:-

બનાવની ટૂંકમાં વિગત એવી છે કે, આરોપીઓએ એક સંપ થઇ પોતાના તેમજ અન્ય બીજાના નામે બેંક ખાતાઓ ખોલી/ખોલાવડાવી સાયબર ક્રાઇમના રૂપિયા બેંક ખાતાઓમાં મેળવી સાયબર ફ્રોડના રૂપિયા સગે વગે કરી પોતાના આર્થિક લાભ સારુ એકબીજાની મદદગારી કરી ગુનો આચરેલ છે.

<u>દલીલો:-</u>

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી. એસ.આર.શેખ ધ્વારા રજુઆત કરવામાં આવી છે કે, અરજદાર/આરોપ નિર્દોષ છે કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. અરજદારને તા. ૦૪/૦૫/૨૬ના રોજ અટક કરવામાં આવેલ છે અને તા. ૦૫/૦૫/૨૬ નારોજ નામ.કોર્ટમાં રજુ કરતા ત.ક.અ.રીમાન્ડની માંગણી કરતા રીમાન્ડ મંજુર કરેલા અને ત્યારબાદ અરજદારને નામ.કોર્ટમાં રજુ કરતા નામ.કોર્ટે અરજદારને જયુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરેલ છે ત્યારથી અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદારનો કોઇ રોલ નથી. ૨૫ વર્ષની ઉંમરના છે. કોઇ રીકવરી કે ડિસ્કવરી અરજદારની પાસેથી કરવામાં આવેલ નથી જેથી અરજદારનું કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશન પુર્ણ થઇ ગયેલ હોઇ જેથી પોલીસ કસ્ટડીની જરૂરિયાત નથી. હાલના અરજદારના ખાતામાં પૈસા આવેલા નથી, હાલના અરજદારે કોઇના બેંક ખાતા ખોલાવેલ નહી કે કોઇ આર્થિક લાભ લીધેલો નથી.અરજદાર કોઇ ગુનાહિત ઇતિહાસ ધરાવતા નથી. સદર ગુનાની તપાસ પુર્ણ થતા તેમજ ટ્રાયલ ચાલતા ઘણો લાંબો સમય જાય તેમ હોઇ આરોપી પ્રી ટ્રાયલ કન્વીકશનનો ભોગ ન બને તે માટે હાલના અરજદારને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સરકારી વકીલશ્રી આર.એલ.પટેલ ધ્વારા રજુઆત કરવામાં આવી છે કે, આરોપીની પ્રથમ દર્શનીય સંડોવણી જણાઇ આવે છે.અરજદાર / આરોપી ધ્વારા ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે

અરજદાર/આરોપીએ સહ આરોપી સાથે મળી અલગ અલગ બેંક ખાતાઓમાં જમા થયેલ રૂપિયા બેંકખાતા ધારકો પાસેથી વિડ્રો કરાવી મેળવી લઇ તે રૂપિયા તોફીક સિપાહીને મોકલી આપવાનુ કામ કરી રૂા.૨૦,૦૦૦/-કમીશન પેટે મેળવેલ છે. હાલમાં તપાસ ચાલુ છે તેમજ સહ આરોપીઓને પકડવાના બાકી હોય જેથી અરજદાર / આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**(૫) મારું એવું માનવાનું થાય છે કે, અરજદારને જામીન મુક્ત કરવા જોઇએ નહિ તે માટેના કારણો નીચે મુજબ છે:**

**એ)** તપાસ કરનાર અમલદાર દ્વારા જે એફિડેવિટ રજૂ કરવામાં આવ્યું છે અને તપાસના કાગળોમાં જે હકીકત ફલિત થઈ રહી છે તે જોતા એવું દેખાય છે કે હાલનો અરજદાર સહ આરોપી સાહિલ શબ્બીર મિયાની સાથે મળીને આ ગુનામાં કામ કરતો હતો. સાહિલ શબ્બીર મિયાના કહેવાથી બેંક ખાતાની કિટ અને રકમ લાવવા લઈ જવાનું કામ કરતો હતો અને આ કામના બદલામાં હાલના આરોપીએ 20,000/- રૂપિયા કમિશન પેટે પ્રાપ્ત કરેલા છે. આમ જે ગુનાહિત કાવતરાના ભાગરૂપે આ સમગ્ર ગુનો બન્યો છે તેમાં હાલનો અરજદાર આરોપી પણ એવી જાણકારી સાથે સામેલ થયો છે કે આ ગુનાહિત કૃત્ય થઈ રહ્યું છે અને આ ગુનાહિત કૃત્યમાં જે આર્થિક લાભ પ્રાપ્ત થયો તેમાં પણ હાલના અરજદાર/ આરોપીએ પોતાનો હિસ્સો સ્વીકાર્યો છે. આમ હાલના અરજદારની આ ગુનામાં પ્રથમ દર્શનીય રીતે સંડોવણી ખુલી રહી છે.

બી) અત્યારે આ ગુનો તપાસના તબક્કે છે. ભલે આ ગુનાના કોણ વિક્ટિમ છે તે અત્યારે ધ્યાન પર આવ્યું નથી. પરંતુ ગુનાની તપાસ ચાલી રહી છે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અરજદારને જામીનમુક્ત કરવાનો વિચાર કરી શકાય તેમ નથી. જે હકીકતો સામે આવી છે તે પ્રમાણે હાલનો અરજદાર સહ આરોપી સાહિલની સાથે જોડાઈને આ ગુનામાં સંડોવાયેલો છે અને સાહિલ એકથી વધારે વખત આ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓ કરી ચૂક્યો છે તેવું તપાસમાંથી બહાર આવ્યું છે. દર મહિને એક એકાઉન્ટના બદલામાં ૧૬૦૦૦/- રૂપિયા કમિશન

પ્રાપ્ત કરતો હતો તેવું પણ તપાસમાંથી બહાર આવ્યું છે. તે જોતાં ગુનાની સંપૂર્ણ તપાસ પૂર્ણ થયા પછી જ કયા આરોપીએ આ ગુનામાં શું ભાગ ભજવ્યો છે તે સ્પષ્ટ રીતે નિશ્ચિત થઈ શકે તેમ છે અને તપાસ પૂર્ણ થાય, ત્યારબાદ જ આ ગુનાના કોણ વિક્ટિમ છે અને તેની શું પરિસ્થિતિ છે તે પણ નક્કી થઈ શકે.

સી) આ પ્રકારના ગુનાઓનો વ્યાપ ખૂબ વધી રહ્યો છે અને આ પ્રકારના ગુનાઓને કારણે નિર્દોષ માણસો પોતાના પરસેવાની કમાણી ગુમાવતા હોય છે. તેને ધ્યાને લેતા પણ જ્યાં સુધી આ ગુનાની તપાસ પૂર્ણ ન થાય અને આ ગુનાના કોણ વિકટિમ છે અને કુલ કેટલી રકમના સાયબર ફ્રોડ આચરવામાં આવ્યા છે તે સ્પષ્ટ ન થાય ત્યાં સુધી અરજદારને જામીન મુક્ત કરવા ઉચિત લાગતું નથી.

ડી) તે સંજોગોમાં જ્યાં સુધી તપાસ સંપૂર્ણ રીતે પૂર્ણ ન થાય ત્યાં સુધી હાલના અરજદારને જામીન મુક્ત કરી શકાય નહીં તેવું મારું માનવાનું થાય છે. તેથી નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**:: <u>આખરી હુકમ</u> ::**

– અરજદારની જામીન અરજી આથી **નામજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ : ૦૬ જૂન , ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Dated: 06/06/2026

Place:- Gandhinagar.

**[Virendrasinh Gemalsinh Rana]**

5th Additional Sessions Judge,

Gandhinagar.

<u>GJ00964</u>